# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

ખાયકી કૌભાંડો કરીને 'સફાઇ' થાય છે,
ભરી ગંદકી હૈય, વ્હેરે સફાઇ થાય છે!
મારે સૌ 'સફાઇ' છે ઉપરથી લોલંલોલ -
છે બાહ્યાચાર બધો, દંભી સફાઇ થાય છે!

**હાઇકુ**

ચાલે છે બંન્ને,
હમ સાથસાથ ની -
ચાણક્ય ચાલ!
(પરાણે પ્રીત)

રોગો ને ચિંતા -
વિશ્વ, 'વૃદ્ધ-દિવસ'
દુનિયા દુખી!!
(આતંક ને ઉંબરે)

## ચિંતન

**અત્યાસન્ના વિનાશાય દૂરસ્થા ન ફલપ્રદાઃ । સેવિતવ્યં મધ્ય ભાગેન રાજા વહ્નિ ગુરૂઃ સ્ત્રિયં ॥**

રાજા (પ્રધાનશ્રીઓ-અધિકારીઓ), અગ્નિ, ગુરૂ અને સ્ત્રી - આ ચાર એવાં છે કે સદાય તેમની બહુ નજીક ન જવું - અર્થાત્ ખૂબ જ નિટક ના આવ-જા, રહેવાના સંબંધ રાખવા નહીં. એમનાથી જરા સરખી નાની વાતે ય જો વાંધો પડી જાય તો હાનિ-નૂકશાન થઇ જાય એ બહુ મોટું-અધિક હોય છે.

રાજા ગુસ્સે થઇ જાય-સજા ફટકારી દે અગ્નિને જરાક અડકી જવાય દઝાડે ગુરૂ ગુસ્સે થાય તો શાપ આપી દે, સ્ત્રી ગુસ્સે થાય તો બદનામી જ મળે.

આથી આવાં લોકો સાથે મધ્ય માર્ગ અપનાવવો એટલે કે બહુ દૂર ન રહેવું નહીં તો એમના દ્વારા મળતા લાભ અટકી જાય અને બહુ નજીકથી તેમનાં ક્રોધનો ભય રહે છે આથી તેમની સાથે 'લટકતી સલામ' નો જ વહેવાર રાખવો.

## સુવિચાર

- આશીર્વાદ ખોઇ બેઠા પછી જ માણસને તેનું મૂલ્ય સમજાય છે - **માનસસૂત્ર**
- અહંકારથી તપ નષ્ટ થાય છે, કરેલા દાનનો મહિમા ગાવાથી દાન ફળહીન થઇ જાય છે - **મનુસ્મૃતિ**
- વિચાર અને અમલીકરણ વચ્ચેના સમયગાળાને ઓછો કરશો તો તમારા સ્વપ્નો જરૂર સિદ્ધ થશે - **એસ. ભટ્ટાચાર્ય**
- વેર લઇને દુશ્મનાવટ વધારવા કરતાં ક્ષમા કરીને મિત્રતા બાંધવી એમાં ખરૂં ડહાપણ રહેલું છે - **હરિભાઇ કોઠારી**
- સર્જકની ઊંચાઇનું માપ તેનાં સર્જન પરથી નીકળે છે, ગટરમાંથી ગંગા નીકળતી નથી, તે તો હિમાલયમાંથી જ જન્મે છે - **મનુભાઇ પંચોળી**
- શબ્દકોશના બધા જ શબ્દો પૂરા થઇ જાય તો પણ મા ના ગુણોનું વર્ણન બાકી રહે છે - **ઉમાશંકર જોશી**
- વિરાટ પરમાત્માને બુદ્ધિથી સમજવાનો પ્રયત્ન કરવો એ દરિયાને ખાબોચિયામાં ભરવાના વિફળ પ્રયત્ન સમાન છે - **જનકલ્યાણ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ઘણીવાર 'સિંહ'ને તેન મોભા અને ડરને કારણે તારું મોઢું ગંધાય છે એમ કોઇ કહી શકતું નથી. પણ કોઇ હિંમતપૂર્વક આડકતરું કહી દે ખરું.. પ્રધાનો-અધિકારીઓને કોઇ નિષ્ઠાવાન પીએ યુક્તિપૂર્વક 'સત્ય' કહી પણ દેતા હોય છે.

નવરાત્રીમાં આજે પણ ગામડાંના ઉત્સાહી યુવાનો 'નાટક મંડળી' બનાવી નવે નવ દિવસ નાટક ભજવતા હોય છે એમાં વેપારી-શિક્ષક-દરજી-સરપંચ-તલાટી જેવા કલાકારો સંકોચ વિના માત્ર પાત્ર ભજવતાં હોય છે. આ ગામનો તલાટી 'ખાઉધરો' હતો ખાયકી વિના ગામનાં કોઇ કામ થતા નથી. ખોટાનાં ખૂબ નાણાં લેતો. એ તલાટીએ રાત્રિના નાટકમાં 'રાજા'નું પાત્ર ભજવવાનું હતું અને ગામના નિષ્ઠાવાન સાદા-સરળ સ્વભાવના શિક્ષકને એ જ નાટકમાં 'રાજા'ના મંત્રીનો પાઠ ભજવવાનો હતો. નાટક વચ્ચે સંવાદ આવ્યો. 'મંત્રીજી, મારા રાજયના શું હાલ છે લોકોની સુખાકારીના સમાચાર આપો.'

મંત્રી (શિક્ષક) બોલ્યા, 'મહારાજ! આપણા ગામનો તલાટી ખૂબ ભ્રષ્ટ છે. જમીનની નામફેર, એન્ટ્રી, જન્મ-મરણ નોંધ કંઇ પણ પૈસા વિના થતું નથી.'

પ્રેક્ષકોએ - આખા ગામે ખૂબ તાળીઓ પાળી.

રાજા શરમાઇ ગયો. બીજે દિવસે ગામમાં થાળી વાગે જેનાં જેનાં કામ બાકી હોય તે બધા તલાટી ઓફીસમાં આવી વિના સંકોચ પતાવી જાય!

બીજે દિવસે નાટકના સંવાદમાં સ્વચ્છતાની સુગંધ હતી.

Email - sureshchandrabhatt18@gmail.com

# ગાંધી જયંતી પર મોદીની ગાંધીગીરી મિશન સ્વચ્છ ભારતનો શુભારંભ

**પ્રસંગસર**

**- કેશુભાઇ દેસાઇ**

ભારતીય જનતા પાર્ટીના અડવાણી જેવા વરિષ્ઠ અગ્રણીઓ ક્યારેક રામલલ્લાના નામે સોગંધ ખાઇને બુલંદ નારા ગજવતા રહ્યા છે : 'સૌગંધ રામ કી ખાતે હૈં, મંદિર વહીં બનાયેંગે.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભાના ચૂંટણી અભિયાન દરમિયાન ક્યારેય અયોધ્યામાં રામમંદિર બનાવવાના સોગંદ નહોતા ખવડાવ્યા. એમણે રામ કરતાં ગાંધી આજના ભારત માટે વધુ પ્રાસંગિક હોવાનો અહેસાસ થતાંની સાથે ગાંધી માર્ગ પર અગ્રેસર થવાનો સંકલ્પ કર્યો હોવો જોઇએ. સ્વામી વિવેકાનંદની સાર્ધ શતાબ્દીનો ભરપૂર 'સદુપયોગ' કરી દીધા પછી ચાણક્ય પુરૂષ મોદીએ ગાંધી સાર્ધ શતાબ્દી આવે ત્યાં સુધીમાં - ૨૦૧૯ સુધીમાં મહાત્મા ગાંધીના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં જાહેર અભિયાન આરંભ્યું છે.



ગાંધીના ક્વીટ 'ઇન્ડિયા' સૂત્રની જ પાદપૂર્તિ સમું 'ક્લીન ઇન્ડિયા' સૂત્ર વહેતું મૂક્યું છે. એમની આગવી શૈલીમાં 'ન ખાઉંગા, ન ખાને દૂંગા'ની પાદપૂર્તિ પણ કરી છે : ન ગંદગી કરૂંગા, ન કરને દૂંગા... નરેન્દ્ર મોદી ફળદ્રુપ ભેજું ધરાવતાં સ્વપ્નદૃષ્ટા રાજનેતા છે. ભારતીય જનતા પાર્ટીના મૂળભૂત કાર્યક્રમો હાંસિયે ધકેલી દઇ એમણે કોંગ્રેસના મૂળભૂત કાર્યક્રમો ઝૂંટવી લેવાની હોડ બકી હોય એવું નથી લાગતું? આ સ્વચ્છતા અભિયાન કોંગ્રેસનો એક સદંતર નિષ્ફળ રહેલો પ્રતીક કાર્યક્રમ જ છે. કોંગ્રેસી શાસન દરમિયાન કહેવાતા ગાંધીવાદીઓ દ્વારા વરસોવરસ કરાતો ઝાડુગીરીનો આ કર્મકાંડ દેશભરમાં હાસ્યાસ્પદ બની ચૂક્યો હતો. મોદીએ એને કોંગ્રેસની જ કચરા ટોપલીમાંથી બહાર કાઢીને એક મીડિયા ઇવેન્ટમાં ફેરવી દીધો છે અને હવે પૂરાં પાંચ વર્ષ સુધી મોદી એને રાષ્ટ્રભક્તિ સ્વરૂપે બહેલાવતા રહેશે. ગાંધીએ જીંદગીના છેલ્લા તબક્કે દિલ્હીની ભંગી કોલોનીને એમનું નિવાસ સ્થાન બનાવ્યું હતું. આપણા ભૂતપૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી ત્યારે અમદાવાદમાં નવજીવન પ્રેસમાં નોકરી કરતા હતા.

ગાંધીજીને એક પુસ્તકની નકલો પહોંચાડવા તેઓ આ ભંગી કોલોનીમાં ગયા હતા, એનું સ્મરણ એમના જીવનની યાદગાર ઘટના બની ગયેલ છે. હવે ત્યાં વાલ્મિકી મંદિર બની ગયું છે. મોદીએ રાજઘાટ પણ મહાત્મા ગાંધી અને વિજયઘાટ પર કોંગ્રેસના ગરીબ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીને પુષ્પાંજલી આપ્યા પછી વાલ્મિકી મંદિરનાં દર્શન કર્યા અને બહાર નીકળીને ઝાડુ હાથમાં લીધું. એમણે વાળેલો કચરો પોતાના જ હાથ વડે ઊંચકીને કચરાપેટીમાં નાખ્યો. આ પ્રકારનું સફાઇ કામ કોંગ્રેસ સેવા દળના કાર્યકરો અને ચુસ્ત ગાંધીવાદીઓ વરસોવરસ બલકે ગૂજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થામાં તો બધા રોજેરોજ કરતા હોય છે. પરંતુ સમયની સાથે કદમ નહીં મિલાવી શકતા હોઇ આ ગાંધીવાદીઓની પિપૂડી કોઇ સાંભળતું નહોતું. મોદીએ ગાંધીની નાભિમાંથી ઊઠતો એ સફાઇનો સંદેશો એમની પોતીકી શૈલીમાં બુલંદ કરીને એક કરવા જેવું કામ તો કર્યું જ છે, પછી દેશનો વડાપ્રધાન આ પ્રકારની ઝુંબેશ ઉપાડે ત્યારે એ લોક આંદોલનમાં ફેરવાઇ જવાની સંભાવના સરજાય છે.


મોદી જેવી ચુંબકીય પ્રતિભાની ઝુંબેશ કોંગ્રેસીઓ અને સર્વોદયવાદીઓની જેમ ધીમી ગતિએ નહીં ચાલે. સરકાર એના મંત્રીઓ, અધિકારીઓ અને કોર્પોરેટ જગતના માંધાતાઓ સુદ્ધાંને આ 'અણગમતી' પ્રવૃત્તિ સાથે જોડવા કૃતસંકલ્પ છે, તેથી મને-કમને બધા જ વીવીઆઇપી અને વરિષ્ઠ અધિકારીઓને એમાં જોતરાવું પડ્યું છે. મોદી કોઇ કાર્યક્રમ શરૂ કરીને એને લટકતો મૂકી દેનારા નેતા નથી. એ તો હવે ગામેગામ પાસેથી હિસાબ માગશે. એ સુપેરે જાણે છે કે આ કામ ઘણું ગજાવર છે, અને એ એકલી સરકારથી કે સફાઇ કર્મચારીઓથી પાર પડી શકે એવું નથી. આ સામાજિક રાષ્ટ્રીય જવાબદારીનું કામ છે, એથી એ રાષ્ટ્રભક્તિપૂર્વક સંપન્ન થવું જોઇએ.

મોદીએ નવ જણને નોતરીને આ મિશનમાં જોતર્યા છે એમ પ્રત્યેક નાગરિક બીજા નવ જણને જોતરે તો એક અદ્ભુત 'ચેઇન' રચાય; અશક્યવત્ લાગતું ભગીરથ કાર્ય શક્ય બની જાય! મોદી એમના વડાપ્રધાન પદની પહેલી ઇનિંગની સમાપ્તિ ટાણે જ ગાંધી સાર્ધ શતાબ્દી નિમિત્તે રાષ્ટ્રપિતાને એમનાં સ્વપ્નનું 'સ્વચ્છ ભારત' અર્પણ કરવા કૃતસંકલ્પ છે. સરકારના સંકલ્પને જન આંદોલમાં ફેરવી દઇએ ગરીબ ભારતવાસીઓને સ્વાસ્થ્યલાભ કરાવવા માગે છે. એ સાચું છે કે ગંદકીને કારણે સૌથી વધુ ગરીબોને જ શોષાવું પડે છે. બીમારીને કારણે એમની રોજીરોટી રઝળી પડે છે. મોદીની આટલી સાદી શિખામણ ગરીબ વસ્તી સ્વીકારી લે તો ઝૂંપડપટ્ટીઓ અને ચાલીઓ ગંદી નહીં રહે. વડાપ્રધાને વિશ્વ આરોગ્ય સંસ્થાને ટાંકીને આંકડા રજૂ કર્યા છે તે મુજબ ગંદકીને કારણે ફેલાતી બીમારી અટકાવવામાં આવે તો દરેક ગરીબના ખીસામાં ઓછામાં ઓછા સાડા છ હજાર રૂપિયા બચશે.

આ રાષ્ટ્રીય અભિયાન વિશે મોદીએ એમના અમેરિકા પ્રવાસ દરમિયાન જ જાહેરાત કરી હતી. અઠવાડિયે બે કલાક સફાઇ પાછળ ખર્ચવાની એમની માગણી દરેક ભારતવાસી સ્વીકારી લેશે તો દુનિયાભરમાં એની ગંદાગોબરા દેશની કલંકિત છાપ જરૂર ભૂંસી શકાશે. વિકાસની સાથે સ્વચ્છતા - સુઘડતા અને આરોગ્ય પણ એટલી જ જરૂરી બાબતો છે. વડાપ્રધાને એમની ઝુંબેશમાં દેશની નવ જાણીતી હસ્તીઓને સાંકળી છે, જેમાં સચીન તેંડુલકરથી લઇ પ્રિયંકા ચોપડા અને રામદેવબાબાથી લઇ તારક મહેતાના ઊલ્ટા ચશ્માવાળી શ્રેણીના કલાકારોનો સમાવેશ થાય છે. એમણે એમની ટીમમાં ઝાડુ બ્રાન્ડ અરવિંદ કેજરીવાલ અને અણ્ણા હજારે તથા સોનિયા-રાહુલ અને પ્રિયંકા ગાંધીને પણ સમાવવાં જોઇતાં હતા. શશી થરૂરને જરૂર સમાવ્યા છે. ઇંડિયા ગેટ પર શપથ વાચન વખતે એમની સાથે વેંકૈયા નાયડુ અને ગડકરી ઉપરાંત આમિરખાન પણ જોડાયા એથી કાર્યક્રમની શોભા વધી છે. ચાલો, આપણે સૌ 'મહાત્મા મોદી'ને એમના સંકલ્પમાં સહાયભૂત થઇએ.

# ભારતમાં રાષ્ટ્રીય આવકની ગણતરીનો પ્રથમ પ્રયાસ કોણે કર્યો?

**ખજાનો**



**- ડૉ. અનિલ પટેલ**

anilbhaikpatel@gmail.com

## ભારતની અર્થવ્યવસ્થા

(૧) ભારતનું આર્થિક સર્વેક્ષણ દર વર્ષે કોના દ્વારા પ્રકાશિત કરાય છે?
(અ) આર.બી.આઇ (બ) આયોજન પંચ દ્વારા
(ક) નાણામંત્રાલય દ્વારા (ડ) ઉદ્યોગ મંત્રાલય દ્વારા

(૨) નાબાર્ડની રચના કોની સલાહથી થઇ હતી?
(અ) જાહેર હિસાબી સમીતી (બ) નરસિંહમ સમિતિ
(ક) શિવરામન સમિતિ (ડ) ત્રણમાંથી એક પણ નહિં

(૩) ભારતમાં રાષ્ટ્રીય આવકની ગણતરીનો પ્રથમ પ્રયાસ કોણે કર્યો?
(અ) સી.ડી. દેશમુખ (બ) એસ.એન. બેનરજી
(ક) ગાંધીજી (ડ) દાદાભાઇ નવરોજી

(૪) 'હરિયાણી ક્રાંતિ'ના પ્રણેતા કોણ હતા?
(અ) નોર્મન બોર્લોગ (બ) ગેરી બેકર
(ક) એસ. સ્વામિનાથન (ડ) સર બેનોર

(૫) સર્વિસ ટેક્સમાં કયા ક્ષેત્રનો ફાળો સૌથી વધુ છે?
(અ) વીમા (બ) જાહેરાતો
(ક) ટેલિફોન (ડ) બેન્કીંગ

(૬) કેન્દ્ર સરકારની આવકમાં સૌથી વધુ ફાળો કયા કરનો છે?
(અ) કંપનીવેરો (બ) એકસાઇઝ
(ક) આવકવેરો (ડ) કસ્ટમ

(૭) 'પ્રધાનમંત્રી ભારત જોડો પરિયોજના' શેના માટે છે?
(અ) સંચાર વ્યવસ્થા (બ) નદી જોડાણ
(ક) સામાજિક ઉદ્ધાર (ડ) હાઇવાના વિકાસ

(૮) 'હિન્દુસ્તાન મોટર્સ લિ.' એ કોની માલિકીનું છે?
(અ) ટાટા જૂથ (બ) દાલમિયા જૂથ
(ક) બિરલા જૂથ (ડ) વાડિયા જૂથ

(૯) 'પીળી ક્રાંતિ' (યેલો રિવોલ્યૂશન) નીચેના પૈકી શૈના ઉત્પાદનની વૃદ્ધિ સાથે સંકળાયેલ છે?
(અ) તેલીબીયાં (બ) રાસાયણિક ખાતર
(ક) ઘઉં ઉત્પાદન (ડ) પેટ્રોકેમિકલ

(૧૦) ભારતમાં ઉદ્યોગીકરણની શરૂઆત કયા ઉદ્યોગની સ્થાપનાથી થઇ હતી?
(અ) લોખંડ-કાપડ ઉદ્યોગ (બ) ખાંડ - કોલસા ઉદ્યોગ
(ક) કાપડ - કોલસા ઉદ્યોગ (ડ) ખાંડ - કાપડ ઉદ્યોગ

(૧૧) વિશ્વમાં સૌ પ્રથમ 'ગરીબી રેખા'નો ખ્યાલ કોણે આપ્યો હતો?
(અ) લોડ બ્યોડ (બ) કેલ્વિન
(ક) એડમ સ્મિથ (ડ) જહોન બર્ડ

(૧૨) નીચેનામાંથી કયા સ્થળે 'સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડિયા' (સેઇલ) નું કારખાનું નથી?
(અ) જમશેદપુર (બ) દુર્ગાપુર
(ક) રાઉર કેલા (ડ) ભિલાઇ

(૧૩) 'વીસ મુદ્દાનો કાર્યક્રમ' સૌ પ્રતમ કયા પ્રધાનના સમયમાં જાહેર કરવામાં આવ્યો?
(અ) જવાહરલાલ નહેરુ (બ) રાજીવ ગાંધી
(ક) ઈન્દિરા ગાંધી (ડ) મોરારજી દેસાઇ

(૧૪) ભારતને પંચવર્ષીય યોજનાનો વિચાર કયા દેશ પાસેથી આવ્યો હતો?
(અ) અમેરિકા (બ) ઈંગ્લેન્ડ
(ક) રશિયા (ડ) બ્રાઝિલ

(૧૫) કસ્તૂરબા ગાંધી શિક્ષણ યોજના કોનાથી સંબંધિત છે?
(અ) કન્યા કેળવણી (બ) બાળ મજૂર શિક્ષણ
(ક) પ્રૌઢ શિક્ષણ (ડ) આદિવાસી સ્ત્રીઓ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૩ ઓક્ટો. ૧૮૪૪ — પિયર રેને ડેલિગ્ને - બેલ્જિયમ દેશના જાણીતા ગણિત શાસ્ત્રી, ફિલ્ડ મેડલ વિજેતા
- ૩ ઓક્ટો. ૧૯૧૬ — ફ્રેન્ક પેન્ટ્રીંગ : તેઓ આયર્લેન્ડના વતની અને કાર્ડીઓલોજીસ્ટ હતા
- ૪ ઓક્ટો. ૧૯૧૮ — કેનીચી ફુકીઇ - જાપાનના રસાયણ વૈજ્ઞાનિક, ૧૯૮૧માં નોબલ પારિતોષિક વૈજ્ઞાનિક
- ૪ ઓક્ટો. ૧૯૧૬ — વિટલી લાઝરવીસ્ક ગીન્ઝબર્ગ - સોવિયેટના ભૌતિક અને અવકાશ વૈજ્ઞાનિક
- ૫ ઓક્ટો. ૧૯૩૦ — રેઇન હાર્ડ સેલ્ટન - જર્મન ગણીતશાસ્ત્રી, ૧૯૯૪માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૫ ઓક્ટો. ૧૯૩૦ — પાવેલ રામાનોવીચ પોયોવીચ - સોવિયેટ અવકાશ યાત્રી, વોસ્ટોક-૪ અવકાશયાના પાયલોટ
- ૬ ઓક્ટો. ૧૯૧૪ — થોર હેયરડલ - નોર્વે દેશના એન્થોલોજીસ્ટ હતા.
- ૬ ઓક્ટો. ૧૯૦૩ — અર્નેસ્ટ વોલ્ટન - આયર્લેન્ડના ભૌતિક વૈજ્ઞાનિક હતા. ૧૯૫૧માં નોબલ પ્રાઇઝ વિજેતા
- ૭ ઓક્ટો. ૧૯૪૮ — ડાયને એકરમેન - અમેરિકન રાઇટર અને પ્રકૃતિ વિજ્ઞાનશાસ્ત્રી
- ૭ ઓક્ટો. ૧૯૩૯ — સર હોલાસ્ટ ક્રોટો - ઈંગ્લીશ કેમીસ્ટ ૧૯૧૬માં નોબલ પ્રાઇઝ વિજેતા
- ૮ ઓક્ટો. ૧૯૨૯ — ફ્રેન્કલીન સ્ટેલ - અમેરીકન જનીન વિજ્ઞાની
- ૮ ઓક્ટો. ૧૯૨૭ — સિસર મિલ્સ્ટેઇન - આર્જેન્ટીના ઈમ્યુનોલોજીસ્ટ, ૧૯૮૪માં નોબલ પ્રાઇઝ વિજેતા
- ૯ ઓક્ટો. ૧૯૩૩ — સર પીટર મેન્સફીલ્ડ - ઈંગ્લીશ ભૌતિક શાસ્ત્રી ૨૦૦૩માં નોબલ પ્રાઇઝ વિજેતા
- ૯ ઓક્ટો. ૧૮૭૯ — મેક્સ વોન લ્યૂઇ - જર્મન ભૌતિકશાસ્ત્રી, એક્સ-રે ડ્રીફેક્શન પર શોધ બદલ ૧૯૧૪માં નોબલ વિજેતા

## ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના પુત્રનું નામ શું છે? જે સક્રિય રાજકારણમાં છ?**

**જવાબ - આદિત્ય ઠાકરો**

## સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) નટુભાઇ દરજી : પેથાપુર (૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સેક્ટર-૭બી (૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) મહેશ એમ. જાદવ : સે-૩૦ (૬) ધાર્મિક એન. પટેલ : ધોળેશ્વર પાસે, (ગાયત્રી રેસીડેન્સી)
(૭) જયેન્દ્ર પાઠક : સે-૬બી

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું અમેરિકાના ન્યૂયોર્ક શહેરના કયા સ્થળે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું?**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

(૧) ક (૨) ક (૩) ડ (૪) અ (૫) ક (૬) બ (૭) ડ (૮) ક (૯) અ (૧૦) અ (૧૧) અ (૧૨) ક (૧૩) ક (૧૪) ક (૧૫) ડ

# જૂની રંગભૂમિથી ગાંધીજી પ્રભાવિત

**અભ્યાસલેખ**

**- ભીખુ કવિ**

૨જી ઓક્ટોબર - ગાંધી જયંતિ. ત્યારે ગાંધીજી જૂની રંગભૂમિથી કેટલા પ્રભાવિત હતા અને જૂની રંગભૂમિ ગાંધીજીની વિચારધારાની કેવી કેવી અસર થઇ એની રસભરી વાતોની માંડણી કરવાનો આજનો લેખનો ખાસ ઉપક્રમ છે.

ગાંધીજીએ 'સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર' જૂની રંગભૂમિનું નાટક જોયું ને એમનાં પર નાટકની કેવી અસર થઇ તે 'સત્યના પ્રયોગો' ગાંધીજીની આત્મકથા પુસ્તકમાં નોંધાયું છે.

ગાંધીજીએ બીજાનો અવાજ સાંભળી પોતાના અવાજને જગાડવાનું કામ રંગભૂમિના એક નાટક જોઇને કર્યું એ ગુજરાતી નાટકની મોટી ઘટના ગણાવી શકાય. ગાંધીજીએ જોયેલા નાટકની એ પ્રથમ ક્ષણ - એ પ્રથમ રાત્રી - રંગભૂમિના ઇતિહાસની ભવ્ય અને પ્રેરક ક્ષણ હતી. નાટકની મહારાત્રી હતી. સત્યને પંથે ચાલવાનો મક્કમ નિર્ધાર કર્યો તે માનવ માનસ પર પડતી નાટકની ઘેરી અસરનું એક અત્યંત ઉજ્જવળ દૃષ્ટાંત છે.

ગુજરાતી રંગભૂમિનાં ગીતો ના સંપાદક ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર 'મધુરમ' એમના પુસ્તકની પ્રસ્તાવનામાં 'ગુજરાતી રંગભૂમિનાં ગીતો' માં લખે છે : ગાંધીજીનું આગમન જયારે આફ્રિકાથી ભારતમાં ઇ.સ. ૧૯૧૫નાં અરસામાં થયું અને દેશમાં આઝાદીની લગની લાગી તથા આઝાદી માટેના સંગ્રામો ખેડાયા ત્યારે ગુજરાતી રંગભૂમિએ આઝાદી પ્રાપ્તિ, ખાદીપ્રેમ, અસ્પૃશ્યતા નિવારણ, કોમી ઐક્ય, સમાનતા, કુરબાની, ત્યાગ અને ગાંધી પ્રીતિનાં ગીતો ઉમળકાથી ગાયાં હતા. રસ કવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ, આદિ ઘણા ગીત કવિઓ પાસેથી આવાં ગીતો આપણને મળી આવે છે.

**ગાંધીજીએ 'સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર' જૂની રંગભૂમિનું નાટક જોયું ને એમનાં પર નાટકની કેવી અસર થઇ તે 'સત્યના પ્રયોગો' ગાંધીજીની આત્મકથા પુસ્તકમાં નોંધાયું છે**

ભારત દેશ અંગ્રેજોની ગુલામી ભોગવી રહ્યો હતોને ગાંધીજીએ આઝાદી મેળવવા સાબરમતીથી ભારે ચળવળ ઉપડી ને એ સમયનાં નાટક મંડળીઓ દેશભક્તિના ગીતોની રેકર્ડ બહાર પાડતી હતી. ત્યારે અંગ્રેજોની પરવા કર્યા વિના હિંમતભાઇ મીરનાં કંઠે ગવાયેલ (ગાંધીજીનો ખાદીપ્રેમ) રેકર્ડ બહાર વ્યક્ત થયો હતો. જેના શબ્દોના ગીતે સ્વાતંત્ર્ય સૈનિકોમાં ને ગુજરાતની જનતાએ હિંમતભાઇને ખૂબ લોકચાહના અપાવી.

'ખાદી કી સાડી પહનો,
છોડો વિદેશી ચુંદડીયા
રામ... ખાદી હૈ આબાદી રામ...
હિન્દુ-મુસ્લિમ દિલ મેં લગાકર,
ખાદી કી, બાંધો પઘડીયા....
રામ-ખાદી હૈ... આબાદી....

સને ૧૯૨૬માં મુંબઇ ગુજરાતી નાટક મંડળીના રંગમંચ પર રજૂ થયેલ 'વીર માનસિંહ' નાટકના લેખક રંગભૂમિના મશહૂર નટ, દિગ્દર્શક અને ગીતકાર બાપુલાલ બી. નાયક હતા.

'હિંદ ભૂમિ છે માત અમારી' પ્રભુ અમારો તાત
માનવ જાત વસે આલમ તે, બધા અમારા ભ્રાત
પ્રજા અને રાજા છે બંને એકમેકનાં દાસ,
ધર્મ ભૂલે રાજા રૈયત તો નક્કી થાય વિનાશ
જુલમ તો ઝાઝા દિવસ, સાંખી પ્રભુ શકતો નથી,
અન્યાયથી રાજય કરતો, રાય એ ટકતો નથી.

મહાત્મા ગાંધીજીની અસરનો આ જમાનો રંગભૂમિને પણ પ્રારંભથી જ સ્પર્શી ગયો હતો. સમય પટ્ટીની દૃષ્ટિએ આ નાટક અગત્યનું હતું. ભારત માતાની ભક્તિનું ગાન આ ગીતમાં છે. કવિ કાન્તની એક પંક્તિ યાદ આવે છે :

"ઓ હિંદ દેવભૂમિ, સંતાન સૌ તમારા,
કરીએ મળીને વંદન, સ્વીકારજો અમારા."

(અનુસંધાન પાના નં. ૬ પર)